# <u>અમદાવાદનાં ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ , અમદાવાદ</u>

ફોજદારી કેસ નં: 74460/2020

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ હરજીવનભાઈ અભાભાઈ દંતાણી.

**-: <u>ચુકાદો</u> :-**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનાનું તહોમત મુકેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સ બજવણી થતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેના ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ સ્વેચ્છાપુર્વક સમજી વિચારીને લેખિત કબુલાત પુરસીસ આપી ગુન્હો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુન્હો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતી નબળી હોઈ, પરીવારના ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે અને ભવિષ્યમાં ગુનાહિત પ્રવૃતિ નહી આચરવાની ખાતરી આપે છે.

(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સામે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંયે તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતાહોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેજ નં.૭૦૯ નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈન્યાય હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>-:: હુકમ ::-</u>**

– આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૮૩ નાં ગુન્હામાં રૂા.૧૦૦/– અંકે રૂા. સો પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન– ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. ભોગવેલ સજા મજરે આપવી.

નોન વેલ્યુએબલ મુદામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તારીખ:૧૧ મી સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

(બી.એચ.ઘાસુરા)
ઈ.ચા.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ
જજ કોડ નં.૦૦૯૮૩